

**જો તમારા ટેસ્ટનું પરિણામ અસામાન્ય(abnormal) અથવા અસ્પષ્ટ(inconclusive) આવે તો તમારે આગળ તપાસ કરાવવી જોઈએ જેમ કે,**

- પેપ ટેસ્ટ બીજીવાર Lliquid Base Cytology(LBC) પ્રકારનો કરાવવો.
- સાથે જ HPV ટેસ્ટ (કે જે સર્વાઇકલ કેન્સર પેદા કરી શકે એવા વાયરસના નિદાન માટેનો ટેસ્ટ છે) તે કરાવવો.
- કોલ્પોસ્કોપી : આ તપાસ ની મદદથી યોનિમાર્ગમાં રહેલા અસામાન્ય કોષોને અથવા કેન્સરના શરૂઆતના તબક્કાના કોષોને ખાસ માઇક્રોસ્કોપ જેવા મશીનથી શોધી શકાય છે.
- જો તમારા ડોક્ટરને કોલ્પોસ્કોપી દરમ્યાન અસામાન્ય કોષો જોવા મળે તો તમને સારવારની જરૂર પડે છે જેની સામાન્ય સારવાર કાયોથેરાપી, કોટરી અને લીપ પ્રોસીજર છે.)

WELLNESS CENTRE FOR WOMEN
*Inspiring better health*

rupal HOSPITAL
Fertility & Women's Healthcare


Golden Square,
Beside Sargam Shopping
centre, Parle point,
Surat. Ph. 0261 - 2205550/51

Plot no 6,
Vijay Sales Lane,
Behind Kataria Automobiles,
Nr. Iscon Mall, Gaurav Path,
Piplod, Surat - 395007

Help Line
70969 99555

Land Line
0261-2700000





# પેપ ટેસ્ટ

rupal HOSPITAL
Fertility & Women's Healthcare

WELLNESS CENTRE FOR WOMEN
*Inspiring better health*

પેપટેસ્ટ,

તેને ક્યારેક પેપ સ્મીયર ટેસ્ટ પણ કહેવાય છે.આ તપાસ ગર્ભાશયના મુખના અસામાન્ય કોષો (કે જેનાથી ભવિષ્યમાં ગર્ભાશયના મુખ Cervix નું કેન્સર થઇ શકે, એના નિદાન માટે ખુબ જ અગત્યની છે. HPV નામના વાયરસ દ્વારા થતા કોષોના ફેરફાર ને પેપ ટેસ્ટ ની મદદ થી જાણી શકાય છે.

- **પેપ ટેસ્ટ કેવી રીતે કરવામાં આવે છે ?**

પેપ ટેસ્ટ એ તમારી સ્ત્રી સ્વાસ્થ્ય ની નિયમિત રીતે કરાતી એક તપાસ છે.પેપ ટેસ્ટ દરમ્યાન ગર્ભાશયના મુખ પર થી નાના સ્પેચ્યુલા અથવા બ્રશ ની મદદથી કોષોને હળવેકથી એકઠા કરાયા છે. અને આ કોષોને કાચની સ્લાઇડ પર મુકીને લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવે છે. પેપ ટેસ્ટ લેવા માટે થોડી જ મિનિટો લાગે છે.અને તેનાથી તમને કોઈ ઇજા થતી નથી.

- **આ ટેસ્ટ કરાવતા પહેલા કોઈ કાળજી રાખવાની જરૂર પડે ?**

આ ટેસ્ટ કરાવવાના બે દિવસ પહેલા યોનિમાર્ગમાં મુકવામાં આવતા ડુશ,ક્રીમ, અંદર મુકવાની દવાઓ વગેરેનો ઉપયોગ બંધ કરવા જોઈએ. કોઈપણ પ્રકારના સ્પ્રે અથવા પાઉડરનો ઉપયોગ પણ ન કરવો જોઈએ. આ ટેસ્ટ કરાવવાના ૨૪ કલાક પહેલા શારીરિક સબંધ ના રાખવો જોઈએ માસિકધર્મ દરમિયાન પણ પેપ ટેસ્ટ ન થઇ શકે. પેપ કરાવવાનો આદર્શ સમય માસિકના ૧૦ થી ૨૦ દિવસ વચ્ચેનો હોય છે.

- **કઇ ઉંમરની સ્ત્રીઓએ પેપ ટેસ્ટ કરાવવો જોઈએ ?**

તમારા ડોક્ટરના માર્ગદર્શન અનુસાર ૧૮ વર્ષથી ઉપરની સ્ત્રીઓ જ્યારથી પ્રથમ વાર શારીરિક સંબંધ બાંધે ત્યારથી આ ટેસ્ટ કરાવવો જોઇએ.

- **૨૧ થી ૨૯ વર્ષની ઉમર સુધી આ ટેસ્ટ દર ૩ વર્ષે કરાવવો જોઈએ.**







- **30 થી ૬૫ વર્ષની ઉમર સુધી આ ટેસ્ટ અને HPV ટેસ્ટ દર ૫ વર્ષે કરાવવો જોઈએ**
- **૬૫ વર્ષ થી ઉપરની સ્ત્રીઓને આ ટેસ્ટની લગભગ જરૂર પડતી નથી.**
- **ગર્ભાશય કઢાવી નાખ્યા પછી પણ આ ટેસ્ટ કરવાની જરૂર પડે ?**

જે સ્ત્રીઓને ગર્ભાશય કાઢી નાખવાનું ઓપરેશન થયું હોય તેમણે ડોક્ટર ની સલાહ પ્રમાણે કરવું જોઈએ. જો કોઈએ ગર્ભાશય અથવા ગર્ભાશયના મુખના કેન્સરને કારણે ગર્ભાશય કઢાવી નાખ્યું હોય તેમણે યોનિમાર્ગ(Vault or Vagina) ના કોષોને લઇ ને પણ આ ટેસ્ટ કરાવવો જોઈએ. આ ઉપરાંત ગર્ભાશય કઢાવવાના ઓપરેશન સાથે ગર્ભાશયનું મુખ(Cervix) ન કાઢ્યું હોય ,તેમણે નિયમિત આ ટેસ્ટ કરાવવો જોઈએ. જે સ્ત્રીઓને ગર્ભાશય તેમજ તેનું મુખ કાઢી નાખ્યું હોય તેમને આ ટેસ્ટની જરૂર પડતી નથી. પરંતુ તેમની રેગ્યુલર તપાસ જરૂર કરાવવી જોઈએ.

- **પેપ ટેસ્ટનો રિપોર્ટ એબ્નોર્મલ આવે તો શું કરવું?**

જો તમારો રિપોર્ટ અસામાન્ય (abnormal)આવે તો તમારે ગભરાવાની કે દુઃખી થઇ જવાની જરૂર નથી. મોટાભાગના કિસ્સાઓમાં તેનો મતલબ તમને ગર્ભાશયનું કેન્સર છે તેવો નથી હોતો. પરંતુ યોનીમાર્ગના કોષોમાં કેટલીક વખત કેન્સરને લગતા પ્રાથમિક ફેરફાર થવાની ભવિષ્યમાં સંભાવના હોઈ શકે છે.

ઘણી વખત અસ્પષ્ટ (inconclusive) પરિણામ એટલે ગર્ભાશય ના મુખના કોષો અલગ જાતના દેખાય, એવું પણ હોઈ શકે છે જેને ASC-US કહે છે.